**<u>વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત રૂ.૧૩૪.૬૪ લાખ</u>**

**અનુસુચિત જનજાતિની ૧૧ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓને અપગ્રેડ કરી ઉચ્ચત્તર માધ્યમિક શાળા ધોરણ-૧૨નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવા બાબત.**

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **અમશ/૨૦૧૮/ન.બા-૧૩/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૧/૦૫/૨૦૧૮.

**<u>વંચાણે લીધા</u> :-**

(૧) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૦૯/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક નં. આવિ/ આશા/ ફા.નં.૨૧૦૬/૨૦૧૮/૧૭.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૪/૦૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૨૦૧૬/ન.બા-૧૩/ઘ.

**<u>પ્રસ્તાવના</u> :-**

ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ સંચાલિત આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસુચિત જનજાતિની ૧૧ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓને અપગ્રેડ કરી માધ્યમિક શાળા (સામાન્ય પ્રવાહ) ધોરણ-૧૧નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની વંચાણે લીધા ક્રમાંક (૨)ના ઠરાવથી મંજુરી આપવામાં આવેલ હતી. TASP વિસ્તારની કુલ ૧૧ આશ્રમશાળાઓમાં ધોરણ-૧૨નો વર્ગ ક્રમિક વિકાસ શરૂ કરવા અંગેની **રૂ.૧૩૪.૬૪/- લાખની** નવી બાબતની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક (૧) થી કરવામાં આવેલ. જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ</u> :-**

પુખ્ત વિચારણાને અંતે, ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ સંચાલિત નીચેના પત્રકમાં દર્શાવ્યાં મુજબ ૧૧ (અગિયાર) આશ્રમશાળાઓમાં ધોરણ-૧૨નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવા માટે શિક્ષણ સહાયક (પગાર ધોરણ રૂ.૯૩૦૦-રૂ.૩૪,૮૦૦/- ગ્રેડ પે રૂ.૪૪૦૦/-, ફિક્સ પગાર રૂ.૨૬,૦૦૦/-)ની વર્ગદીઠ ૨ (બે) લેખે એમ કુલ ૨૨

(બાવીસ) નવી જગ્યાઓ ઉભી કરવા અંગેના મહેકમ ખર્ચ તથા નિભાવ ખર્ચ મળીને કુલ રૂ.૧૩૪.૬૪/- લાખની નવી બાબતને નીચેની શરતો આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે :

**ધોરણ-૧૨નો ક્રમિક વર્ગ શરૂ કરવાની આશ્રમશાળાની માહિતી (TASP)**

| ક્રમ | આશ્રમશાળાનું નામ |
|---|---|
| ૧ | માધ્યમિક આશ્રમશાળા કુંવારસી, તા.દાંતા, જી.બનાસકાંઠા |
| ૨ | માધ્યમિક આશ્રમશાળા ટુંડીયા ચાર રસ્તા, તા.દાંતા, જી.બનાસકાંઠા |
| ૩ | માધ્યમિક આશ્રમશાળા વાઘડાચા, તા.દાંતા, જી.બનાસકાંઠા |
| ૪ | માધ્યમિક આશ્રમશાળા ગોરાડ, તા.દાંતા, જી.બનાસકાંઠા |
| ૫ | રત્નેશ્વર આશ્રમશાળા મુ.પાનમ, પો.કંજેટા, તા.ધાનપુર, જી.દાહોદ |
| ૬ | પ્રમુખશ્રી, સ્વામી આશ્રમશાળા મુ.ગલી(ટો.), તા.ધાનપુર, જી.દાહોદ |
| ૭ | આદિવાસી આશ્રમશાળા મુ.પો.ડુંગરપુર, તા.ધાનપુર, જી.દાહોદ |
| ૮ | વિદ્યાસાગર આદિવાસી આશ્રમશાળા, મુ.પો.દાસા, તા.સીંગવડ, જિ.દાહોદ |
| ૯ | સામંતસિંહ મેડા આશ્રમશાળા, મુ.પો. સેવનિયા, તા.દેવગઢ બારિયા, જિ.દાહોદ |
| ૧૦ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા મુ.પો.મોટીસરસણ, તા.સંતરામપુર, જિ મહિસાગર |
| ૧૧ | ઉ.મા.આશ્રમશાળા (વિજ્ઞાન પ્રવાહ) મટોડા તા.ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા |

**<u>શરતો</u> :-**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુંસાર જળવાય તે કમિશ્નરશ્રી(આ.વિ)એ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૭) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના **પ્રવર્તમાન પરીક્ષાના નિયમો અને ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.**

(૮) <u>મંજૂર થયેલ જગ્યાઓ માટે ભરતી અંગે કમિશ્નરશ્રી, આદિજાતી વિકાસ, ગાંધીનગર કક્ષાએથી કેન્દ્રીયકૃત ભરતીની જાહેરાત આપી નિયમોનુંસાર ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.</u>

(૯) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૦) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૧) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૨) સદર જગ્યાઓ ભરાય ત્યારબાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૩) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમાની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશિયા મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૧૫) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો **નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારોની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.**

(૧૬) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી-૨૦૦૯/૨૦૧૬ પ્રમાણે છે કે કેમ ? તે ખાતરી કરી લેવાની કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની જવાબદારી રહેશે.

(૧૭) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે

રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાનાં રહેશે.

(૧૮) મહેકમ ભરવા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસારની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૯) વર્ગ દીઠ છાત્રોની માન્ય સંખ્યા ૪૦ની રહેશે.

(૨૦) ધોરણ-૧૨નો વર્ગ વિધિસર શરૂ કર્યાની જાણ સબંધિત આશ્રમશાળા અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને કમિશનરશ્રી (આ.વિ.)ને કરવાની રહેશે.

(૨૧) શાળાએ જરૂરી ભૌતિક તેમજ આરોગ્ય વિષયક સુવિધાઓ ઉપલબ્ધ કરવાની રહેશે.

(૨૨) સરકારશ્રીએ માન્ય કરેલ અભ્યાસક્રમ મુજબનું પદ્ધતિસરનું શિક્ષણ વિદ્યાર્થીઓને પૂરૂ પાડવાનું રહેશે.

(૨૩) જુદા જુદા ધોરણોમાં અપાતા પ્રવેશ જે તે વખતના નિયમો પ્રમાણે હોવા જોઈએ માત્ર ધર્મ, જ્ઞાતિ કે ભાષાના કારણોસર વિદ્યાર્થીને પ્રવેશ આપવાની શાળા ના પાડી શકશે નહીં.

(૨૪) શાળાએ જરૂરી પ્રમાણપત્રો, આંકડાકીય માહિતી, રજીસ્ટરો તથા અન્ય રેકર્ડ અદ્યતન રીતે નિભાવવાના રહેશે. **બાયોમેટ્રિક એટેન્ડન્સ સીસ્ટમ પ્રમાણે હાજરી નિભાવવાની રહેશે.**

(૨૫) આદિજાતિ વિકાસ વિભાગે કે શિક્ષણ ખાતાએ વખતોવખત નિયત કરેલ શિક્ષણ વિષયક સામાન્ય નિયમોનું કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ ઉચિત રીતે પાલન કરવાનું રહેશે.

(૨૬) સંસ્થાને આપવાની થતી ગ્રાન્ટનું પ્રમાણ સરકારશ્રીના વખતોવખતના નિયમોને આધીન રહેશે.

(૨૭) સરકારશ્રી વખતોવખત નક્કી કરે તે તમામ જોગવાઈઓનું પાલન કરવાનુ રહેશે..

(૨૮) ભરતીની માન્ય પ્રક્રિયા સિવાય સંસ્થાકીય રીતે નિમાયેલ તથા સામાન્ય રીતે નિમાયેલ શૈક્ષણિક / બિન શૈક્ષણિક સ્ટાફની નિમણુંકો નિયમિત થઈ શકશે નહી. આ બન્ને પ્રકારે નિમાયેલ શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારીઓને સંસ્થાએ છૂટા કરવાના રહેશે.

(૨૯) આશ્રમશાળાના બાળકોને પોષણયુકત ઉત્તમ કક્ષાનું ભોજન આપવાનું રહેશે.

(30) આશ્રમશાળામાં બાળકો માટે કિચન ગાર્ડન, ફોર્ટીફાઇડ આટા, દૂધ, લીલા શાકભાજી તથા ગુણવત્તાયુક્ત ભોજન આપવાનું રહેશે.

(3૧) સંસ્થા આશ્રમશાળાના સંચાલન અને વહીવટ માટે કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય ગાંધીનગર તરફથી જે સૂચનાઓ આપવામાં આવતી હોય તેનો ચુસ્તપણે પાલન કરતી હોવી જોઇએ.

(3૨) સંસ્થા દ્વારા **કન્યાઓની સુવિધા અને સુરક્ષા માટે પુરતી વ્યવસ્થા** કરેલી હોવી જોઇએ.

(33) સંસ્થા આશ્રમશાળાના સંચાલન માટે આર્થિક રીતે સધ્ધર હોવી જોઇએ.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૬ મહેસુલ, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટાસદર: (૧૦) વીકેવાય-૧૧ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ હેઠળ ૧૧ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ક્રમિક ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)નો વર્ગ શરૂ કરવા બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૯/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વિદ્યુત પંડ્યા )
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના :-</u>

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (સેવા)ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેકટ ફાઇલ.

D:\gh-3-\G.R-2018-19\AMS-2018-N.B-13-GH-GR.docx